પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૩ | ૧૩ ડિસેમ્બર, ૨૦૧૭, બુધવાર ; માગસર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




અમે તારા શરણે - ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે કોંગ્રેસ અને ભાજપના દિગ્ગજો પરમતત્વના શરણે શીશ ઝુકાવવા પહોંચ્યા હતા... અમે અમારું કર્મ પૂરુ કર્યું છે... હવે, આપ જે ફળ આપો એ અમને માન્ય છે... અમારાથી ભૂલચુક થઈ હોય તો ક્ષમા કરશો... અને ગુજરાતનું કલ્યાણ કરશો... પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જગત જનની મા-અંબાના ધામમાં શક્તિપીઠ અંબાજી જઈ પૂજન-અર્ચન કર્યા હતા... જ્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય પદનામિત અધ્યક્ષ રાહુલ ગાંધીએ અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિર જઈ જગતના નાથને ભાવપૂર્વક વંદન કર્યા હતા... ગુજરાતની પ્રજાના કલ્યાણ માટે ભાવવંદના કરી હતી... આમ બંને દિગ્ગજો ગુજરાતના શ્રદ્ધાબિંદુ સમા મંદિરોએ પહોંચી પ્રાર્થના કરી હતી....

## હિમાચલ પ્રદેશ-કાશ્મીરમાં હિમવર્ષા

### કાશ્મીરમાં હિમસ્ખલનમાં સેનાના પાંચ જવાનો ગુમ

શિમલા,તા. ૧૨

જમ્મુકાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા અને વરસાદના કારણે ઠંડીમાં એકાએક વધારો થયો છે. બીજી બાજુ ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. તાપમાનમાં ઘટાડો થવાના કારણે લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. બીજી બાજુ બન્ને રાજ્યોમાં કેટલીક જગ્યાએ લઘુતમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. કેટલીક જગ્યાએ માઈનસમાં તાપમાન પહોંચી ગયુ છે. ભારે હિમવર્ષાના કારણે કેટલાક રસ્તાને બંધ કરી દેવાની ફરજ પડી છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. મંગળવારના દિવસે જમ્મુ -શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ અને મુગલ રોડને બંધ કરી દેવાની ફરજ પડી છે. પરિવહન વિભાગના અધિકારીએ કહ્યુ છે કે બનિહાલ સેક્ટરમાં ભારે હિમવર્ષા થઈ રહી છે.

જમ્મુ-કાશ્મીરમાં સોમવારની રાતે થયેલી હિમવર્ષામાં ગુરેજમાં ત્રણ જવાનો અને કુપવાડાના નૌગામ સેક્ટરમાં બે જવાનો લાપતા થયા છે. જવાનો તેમની ફરજ બજાવી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ માહિતી સેના તરફથી આપવામાં આવી છે. ત્રણેય જવાનોને શોધવા માટે સેનાએ સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે.

# રાજ્યમાં હાઈવોલ્ટેજ પ્રચારનો અંત

## છેલ્લી ઘડી સુધી ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ તાકાત લગાવી : પ્રચારનો અંત આવ્યા બાદ હવે રેલી-સભા નહીં થાય

## બીજા તબક્કામાં ૯૩ બેઠકો માટે ૮૫૧ ઉમેદવારોના ભાવિનો ૧૪મી ડિસેમ્બરના દિવસે ફેંસલો

અમદાવાદ,તા. ૧૨

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ગુજરાતવિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ ચરણના મતદાન માટે તખ્તો તૈયાર થઈ ગયો છે. આજે સાજે પાંચ વાગે બીજા તબક્કા માટે હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો. છેલ્લી ઘડી સુધી મતદારોને પોતાની તરફેણમાં કરવા માટે ભાજપ અને કોંગ્રેસના તમામ ઉમેદવારોએ પુરતી તાકાત લગાવી હતી. છેલ્લા દિવસે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાહુલ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રીવરફ્રન્ટ પરથી સી પ્લેન મારફતે ધરોઈ પહોંચીને વિકાસની સાબિતી આપી હતી. જ્યારે બીજી બાજુ રાહુલ ગાંધીએ અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા. આજે પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતાઓ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જેમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો સમાવેશ થાય છે. આજે સાંજે પાંચ વાગ્યે પ્રચારનો અંત આવ્યા બાદ ડોરટુ ડોર જઈને પ્રચાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. પ્રથમ તબક્કામાં અપેક્ષા કરતા ઓછુ એટલે કે ૬૬.૭૫ ટકા મતદાન થયા બાદ બીજા તબક્કામાં મતદાનની

● અનુસંધાન પાન-૫ પર


**તાત્કાલિક જોઈએ છે**

ટેલી અને ડેટા એન્ટ્રીની તાલીમ માટેના શિક્ષકો.

રૂબરૂ સંપર્ક કરો : ગોપાલક વિદ્યા સંકુલ

ગ-૫ની બાજુમાં, સેક્ટર-૧૫, ગાંધીનગર. મો. ૮૨૩૮૦ ૭૭૦૦૩

**VPMP પોલીટેકનીક, ગાંધીનગર**

(AICTE દ્વારા પ્રમાણિત અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ સાથે સંલગ્ન)

AICTE દ્વારા મંજૂર કરાયેલા નીચેના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અરજી માટે આમંત્રિત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) હેઠળ

| અ.નં. | કોર્સના નામ | લઘુત્તમ લાયકાત | ઈનટેક |
|---|---|---|---|
| ૧ | સોલર પંપ ટેકનીશીયન | ૮ પાસ | ૨૫ |
| ૨ | સીએનસી ઓપરેટર - વર્ટીકલ મશીનીંગ સેન્ટર | ૧૦ પાસ | ૨૫ |
| ૩ | સીએનસી ઓપરેટર - ટર્નીંગ | ૧૦ પાસ | |
| ૪ | સીએનસી પ્રોગ્રામર | ડિપ્લોમા | ૨૫ |
| | | મીકેનિકલ એન્જીનીયરીંગમાં | ૨૫ |
| ૫ | ફીલ્ડ ટેકનીશીયન - કોમ્પ્યુટીંગ અને પેરીફેરલ્સ | ૧૦ પાસ | ૨૫ |
| ૬ | ફીલ્ડ ટેકનીશીયન - એ સી | ૮ પાસ | ૨૫ |

એડમીશન માટે સંપર્ક કરો :

VPMP પોલીટેકનીક : LDRPITR કેમ્પસ, ITI પાસે, ખ-૫ સર્કલ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬. ફોન : 079-23244870/23240429/23245129

ઈમેલ : vpmp2006@rediffmail.com ● વેબસાઈટ : www.vpmp.ac.in

યુવાનોની બેરોજગારીના
શિક્ષણના વ્યાપારીકરણના
અવિરત વધતી મોંઘવારીના
પ્રાથમિક આરોગ્યમાં ખાનગીકરણના
પ્રાથમિક સુવિધાઓમાં ભ્રષ્ટાચારના

**અંતની શરૂઆત**

કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે

પ્રકાશક : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

“પહેલા કમળને મતદાન, પછી જલપાન.”

આપનો નરેન્દ્ર મોદી



બે દાયકાનો અવિરત વિકાસ
યુવાઓને રોજગાર
૨૪ કલાક વીજળી
મહિલાઓને સુરક્ષા
કર્ફ્યુમુક્ત ગુજરાત
ટેન્કરમુક્ત ગુજરાત
ખેતરોમાં વીજળી-પાણી
ગરીબોને ગેસના બાટલા
સૌનો સાથ-સૌનો વિકાસ

દરેક ગુજરાતીનો એક જ અવાજ
હું છું વિકાસ, હું છું ગુજરાત
ભાજપ

૧૪ ડિસેમ્બર ૨૦૧૭ ગુરુવાર
સવારે ૮ થી સાંજે ૫ સુધી

કમળનું બટન દબાવીએ ફરી ભાજપ સરકાર બનાવીએ

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત દ્વારા પ્રકાશિત